# Manoharsinh K. Jadeja

(Advocate)

Address.:-727,Stat Plaza,Phulchhab Chowk,Rajkot
Mo.98242 28488


પ્રતિશ્રી,
તીર્થ બિલ્ડકોનના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારો
(૧)શ્રી અભિજીતસિંહ હરદેવસિંહ જાડેજા
(૨)શ્રી સત્યજીતસિંહ જયદિપસિંહ જાડેજા
(૩)શ્રી હરદેવસિંહ પ્રવિણસિંહ જાડેજા
(૪)શ્રી જયદીપસિંહ પ્રવિણસિંહ જાડેજા
(૫)શ્રી હરદેવસિંહ પ્રવિણસિંહ જાડેજા(એચ.યુ.એફ)
(૬)શ્રી જયદીપસિંહ પ્રવિણસિંહ જાડેજા(એચ.યુ.એફ)
બધા ધર્મે.હિન્દુ,ઉ.વ.આ.પુખ્ત,ધંધો.વેપાર,
ઠે.:–શોપ નં.એ–૪,ગોલ રેસીડેન્સી,સ્કેવર કન્સ્ટ્રકશન,રાજકોટ

**બાબતઃ– સ્થાવર મિલ્કતનો ટાઈટલ કલીયર રીપોર્ટ**

(૧) **મિલ્કતનુ વર્ણનઃ–**

ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના રાજકોટ મહાનગરપાલીકામાં સમાવિષ્ટ ગામ **નાનામવા**ના રેવન્યુ સર્વે નંબર :–**૯૨ પૈકી**,ટી.પી. સ્કીમ નં.**૫(નાનામવા)**ના એફ.પી. નં.**૨૧૭ પૈકી**ની જમીનના રહેણાકના હેતુ માટે બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરી વાળા પ્લોટસ પૈકી પ્લોટ નં.૪૦ થી ૪૪ ના **સબ–પ્લોટ નં.૪૦ થી ૪૪/૧** ની જમીન ચો.મી. આ.૨૩૧–૭૫ ઉપર બાંધવામાં આવેલ **"તીર્થ એવેન્યુ–એ"** ના નામથી ઓળખાતી બિલ્ડીંગમાં આવેલ તમામ ફલેટસ અંગે.

**"તીર્થ એવેન્યુ–એ"** ના નામથી ઓળખાતી બિલ્ડીંગની ચતુ:સીમા નીચે મુજબ છે.

**ચતુ:સીમા**

| | |
|---|---|
| ઉત્તરે | :–લાગુ સબ–પ્લોટ નં.૪૦ થી ૪૪/૨ આવેલ છે.તે તરફ માપ મીટર ૧૮–૫૪ છે. |
| દક્ષીણે | :–લાગુ પ્લોટ નં.૩૯ આવેલ છે.તે તરફ માપ મીટર ૧૮–૫૪ છે. |
| પુર્વે | :–૭–૫૦ મીટરની પહોળાઈ વાળો રોડ આવેલ છે.તે તરફ માપ મીટર ૧૨–૫૦ છે. |
| પશ્ચિમ | :–લાગુ પ્લોટ નં.૬૯ થી ૭૩ આવેલ છે.તે તરફ માપ મીટર ૧૨–૫૦ છે. |

(૨) **મિલકતની વિગતવાર માહિતીઃ–**

**Manoharsinh K. Jadeja**
(Advocate)
Address.:-727,Stat Plaza,Phulchhab Chowk,Rajkot
Mo.98242 28488

/૧/ નોંધ નં.૨ ની વિગત મળી શકે તેમ ન હોવા અંગેનુ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

/૨/ ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ સબ–ડીસ્ટ્રીકટ રાજકોટના ગામ નાનામવાના રેવન્યુ સર્વે નંબર :–૯૨ ની ખેડવાણ જમીન એકર ૧૦–૨૫ ગુંઠા બાપુભા પંચાણજી જાડેજાના નામે નવી માપણી વખતે આવેલ જે અંગે નાનામવા ગામના હકકપત્રકના નોંધ નંબરઃ–૧૦૪ તા.:–૨૦–૫–૧૯૬૩ ના રોજ થયેલ છે.

/૩/ બાપુભા પંચાણજી જાડેજાનુ અવસાન તા.૦૬–૦૪–૧૯૭૨ના રોજ થતા તેમની સીધીલીટીના વારસદારો પ્રવિણસિંહ બાપુભા તથા માનકુંવરબા બાપુભાના સંયુકત ખાતે જમીન ચડાવવા વારસાઈ નોંધ નાનામવા ગામના હકકપત્રકના નોંધ નંબર ૯૬૮,તા.૧૦/૧૨/૧૯૭૪ મુજબ થયેલછે.

/૪/ ત્યારબાદ સદરહું જમીનની વહેચણી થતા નાનામવા રે.સ.નં.૯૨ પૈકીની જમીન હરદેવસિંહ પ્રવિણસિંહ જાડેજા તથા જયદિપસિંહ પ્રવિણસિંહ જાડેજા ના નામ દાખલ થયેલ છે.જેની નોંધ ગામ નમુના નં.૬ માં નોંધ નં.૮૭,તા.૨૨/૧૨/૧૯૮૯ ના રોજ થયેલ છે.

/૫/ ત્યારબાદ પ્રવિણસિંહ બાપુભા જાડેજાના પત્નિશ્રી ક્રિષ્નાબા પ્રવિણસિંહ એ નાયબ કલેકટરશ્રી સમક્ષ અપીલ કેસ નં.૫/૯૫ માં તા.૨૮/૮/૧૯૯૫ ના રોજ થયેલ હુકમ મુજબ નોંધ નં.૮૭ રદ કરવા નોંધ થયેલ છે.જેની નોંધ ગામ નમુના નં.૬ માં નોંધ નં.૧૮૩,તા.૦૮/૧૧/૧૯૯૫ ના રોજ થયેલ છે.

/૬/ ત્યારબાદ માનકુંવરબા બાપુભા જાડેજાનુ તા.૧૮/૧૧/૧૯૯૭ ના રોજ અવસાન થતા તેમનુ નામ કમી કરવા અંગેની નોંધ થયેલ છે.જેની નોંધ ગામ નમુના નં.૬ માં નોંધ નં.૨૭૮,તા.૦૧/૦૬/૧૯૯૮ ના રોજ થયેલ છે.

/૭/ ત્યારબાદ પ્રવિણસિંહ બાપુભા જાડેજાએ તેમની હૈયાતીમાં ઘરમેળે કૌટુંબીક વહેંચણી કરતા નાનામવા સર્વે નં.૯૨ પૈકી એ.૮–૨૫ ગુંઠા જમીન હરદેવસિંહ પ્રવિણસિંહ જાડેજા તથા જયદિપસિંહ પ્રવિણસિંહ જાડેજાના સંયુકત ખાતે થવા નોંધ દાખલ થયેલ છે.જેની નોંધ ગામ નમુના નં.૬ માં નોંધ નં.૨૭૯,તા.૦૧/૦૬/૧૯૯૮ ના રોજ થયેલ છે.

/૮/ ત્યારબાદ હરદેવસિંહ પ્રવિણસિંહ જાડેજા વિગેરેએ જેઠાભાઈ ગીગાભાઈ વિગેરેને રજી.વેચાણ દસ્તાવેજ નં.૩૮૧૬,તા.૨૪/૦૮/૧૯૯૯ ના રોજ નાનામવા સર્વે નં.૯૨ પૈકી એ.૨–૩૧ ગુંઠા વેચાણ થતા તે અંગેની નોંધ દાખલ થયેલ છે.જેની નોંધ ગામ નમુના નં.૬ માં નોંધ નં.૪૯૮,તા.૨૫/૦૮/૧૯૯૯ ના રોજ થયેલ છે.

/૯/ રાજકોટ મહાનગર પાલીકામાં નાનામવા રેવન્યુ સર્વે નંબર :–૯૨ પૈકીની ખેડવાણ જમીન એકર ૫–૩૪ ગુંઠા જેના ચો.મી.આ.૨૦૮૪૮ નો લે–આઉટ પ્લાન રહેંણાકના હેતુ માટે વર્ગીકરણ નંબરઃ–૨૭,તા.૧૨–૦૫–૨૦૦૫ થી શ્રી હરદેવસિંહ પ્રવિણસિંહ જાડેજા વિગેરેએ મંજુર કરાવેલ છે.ત્યાર બાદ કલેકટર શ્રી રાજકોટ જીલ્લાના બીનખેતી હુકમ

**Manoharsinh K. Jadeja**
(Advocate)
Address.:-727,Stat Plaza,Phulchhab Chowk,Rajkot
Mo.98242 28488

નં.એન.એ.લેરેકોક/૬૫/કેસ નં.૩૨૩/૦૩–૦૪,તા.૨૦–૦૮–૨૦૦૪ મુજબ નાનામવાના રેવન્યુ સર્વે નં.૯૨ પૈકી,ટી.પી.નં.૫,એફ.પી.નં.૨૧૭ પૈકીની જમીન એકર ૫–૩૪ ગુંઠાની જમીન ૨૦૮૪૮–૦૦ ચો.મી. રહેણાકના હેતુ માટે બિન ખેડવાણ થયેલ છે અને કુલ બિનખેતી પ્લોટ નં.૧ થી ૧૩૧ અમલમાં આવેલ છે.જેની નાનામવા ગામે હકકપત્રકે નોંધ નંબરઃ–૨૩૨૬,તા.૨૩–૦૮–૨૦૦૪ મુજબ નોંધ થયેલ છે.

/૧૦/ ત્યારબાદ હરદેવસિંહ પ્રવિણસિંહ જાડેજા તથા જયદિપસિંહ પ્રવિણસિંહ જાડેજાએ પ્લોટ નં.૪૦ થી ૪૪ ની કુલ જમીન ચો.મી.૪૬૩–૫૦નુ રાજકોટ મ્યુનિસીપલ કોર્પોરેશનમાં તા.૧૬/૧૦/૨૦૧૮ ના રોજ સબ–પ્લોટીંગ કરાવતા સબ–પ્લોટ નં.૪૦ થી ૪૪/૧ ની જમીન ચો.મી.આ. ૨૩૧–૭૫ તથા સબ–પ્લોટ નં.૪૦ થી ૪૪/૨ ની જમીન ચો.મી.આ.૨૩૧–૭૫ થયેલ.જેની નોંધ ગામ નમુના નં.૨ માં અનુક્રમ નં.૫૨૧૪ મુજબ થયેલ છે.

/૧૧/ ત્યારબાદ હરદેવસિંહ પ્રવિણસિંહ જાડેજા તથા જયદિપસિંહ પ્રવિણસિંહ જાડેજાએ સદરહુ સબ–પ્લોટ નં.૪૦ થી ૪૪/૧ ની જમીન ચો.મી.આ.૨૩૧–૭૫ ઉપર રહેણાંક હેતુ માટે લો–રાઈઝ બિલ્ડીંગનુ બાંધકામ કરવા રાજકોટ મ્યુ.કોર્પોરેશનમાંથી બાંધકામ પરવાની નં.૧૧૫૦,તા.૧૨/૦૩/૨૦૧૯ના રોજ મેળવી બાંધકામ પ્લાન મંજુર કરાવેલ છે

/૧૨/ ત્યારબાદ ઉપરોકત બંને સબ–પ્લોટની જમીન(બાંધકામ પ્લાન પાસ સહિત) હરદેવસિંહ પ્રવિણસિંહ જાડેજા તથા જયદિપસિંહ પ્રવિણસિંહ જાડેજાએ તીર્થ બિલ્ડકોનના નામથી ચાલતી ભાગીદારી પેઢીમાં ભાગીદાર તરીકે દાખલ થતા તેમની મૂડી સ્વરૂપે ઉપરોકત બંને સબ–પ્લોટની જમીન ભાગીદારી પેઢીમાં લાવેલ છે.જેનો ભાગીદારી ફેરફારનો રજી.દસ્તાવેજ અનું.૩૪૧૪,તા.૨૩/૦૭/૨૦૧૯ ના રોજ થયેલ છે.આ રીતે ઉપરોકત જમીન બાંધકામ પ્લાન પાસ સહિત તીર્થ બિલ્ડકોનના નામથી ચાલતી ભાગીદારી પેઢીની આવેલ છે

/૧૩/ ત્યારબાદ સદરહું ઉપરોકત બિલ્ડીંગ પ્લાન મુજબ રહેણાકના હેતુ માટે બાંધકામ કરવા ફલેટ બાંધવાનુ નકકી કરતા સબ–પ્લોટ નં.૪૦ થી ૪૪/૧ ની જમીન ચો.મી.આ.૨૩૧–૭૫ ઉપર બાંધવામાં આવેલ લો–રાઈઝ બિલ્ડીંગ જેને **"તીર્થ એવેન્યુ–એ"** નામ આપવામાં આવેલ છે.જેમા કુલ પાંચ માળ આવેલ છે.દરેક માળે બે ફલેટ એમ કુલ ૧૦ ફલેટ આવેલ છે.

/૧૪/ **તીર્થ બિલ્ડકોનના નામથી ચાલતી ભાગીદારી પેઢી**ના ભાગીદારી ફેરફાર દસ્તાવેજ અનુ.નં.૩૪૧૪,તા.૨૩–૦૭–૨૦૧૯ ના રોજ કરેલ ભાગીદારી દસ્તાવેજમાં **શ્રી અભિજીતસિંહ હરદેવસિંહ જાડેજા તથા શ્રી જયદીપસિંહ પ્રવિણસિંહ જાડેજા** ને જાતે તથા પેઢીના વહીવટકર્તા દરજજે વ્યકતિગત રીતે અધિકાર આપવામાં આવેલ છે.તે ભાગીદારી દસ્તાવેજ કોઈ ફેરફાર થયેલ નથી અને તે ભાગીદારી પેઢી આજની તારીખે અમલમાં છે તેમજ સદરહું ભાગીદારી પેઢીના તમામ ભાગીદારો હૈયાત છે.

(૩) આમ ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના રાજકોટ મહાનગરપાલીકામાં સમાવિષ્ટ ગામ **નાનામવા**ના રેવન્યુ સર્વે નંબર :–**૯૨ પૈકી**,ટી.પી. સ્કીમ નં.**૫(નાનામવા)**

**Manoharsinh K. Jadeja**
(Advocate)
Address.:-727,Stat Plaza,Phulchhab Chowk,Rajkot
Mo.98242 28488

ના એફ.પી. નં.**૨૧૭ પૈકી**ની જમીનના રહેણાકના હેતુ માટે બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરી વાળા પ્લોટસ પૈકી પ્લોટ નં.૪૦ થી ૪૪ ના **સબ–પ્લોટ નં.૪૦ થી ૪૪/૧** ની જમીન ચો.મી. આ.૨૩૧–૭૫ ઉપર બાંધવામાં આવેલ **"તીર્થ એવેન્યુ–એ"** માં આવેલ તમામ કુલ ૧૦ ફલેટસ **તીર્થ બિલ્ડકોનના નામથી ચાલતી ભાગીદારી પેઢીની** માલીકી કબજા ભોગવટાના આવેલ છે.

(૪) <u>**મિલકતને લગતા ટાઈટલ ડીડઝ :–**</u>

/૧/ તીર્થ બિલ્ડકોનના નામથી ચાલતી ભાગીદારી પેઢીના નામના રેવન્યુ રેકર્ડ ગામનમુના નં.૨ ની ખરીનકલ
/૨/ તીર્થ બિલ્ડકોનના નામથી ચાલતી ભાગીદારી પેઢીમાં અનુ.નં.૩૪૧૪,તા.૨૩/૦૭/૨૦૧૯ના રોજ થયેલ ભાગીદારી ફેરફાર દસ્તાવેજ–અસલ.
/૩/ તીર્થ બિલ્ડકોનના નામથી ચાલતી ભાગીદારી પેઢીના રજી.દસ્તાવેજ અનુ.નં. ૨૭૦૦,તા.૧૨/૦૬/૨૦૧૯ના રોજ થયેલ ભાગીદારી દસ્તાવેજ–અસલ.
/૪/ હરદેવસિંહ પ્રવિણસિંહ જાડેજા વિગેરેએ રાજકોટ મ્યુ.કોર્પોરેશનમાંથી ર.ચી.નં. ૧૧૫૦,તા.૧૨/૦૩/૨૦૧૯ના રોજથી મેળવેલ આરંભ પ્રમાણપત્ર તથા બાંધકામ પરવાનગી તથા બાંધકામ પ્લાનની ખરીનકલ.
/૫/ મંજુર થયેલ સબ–પ્લોટીંગ પ્લાન તથા પરવાનગીની ખરીનકલ.
/૬/ રાજકોટ જીલ્લા કલેકટરશ્રીના બીનખેતી હુકમ નં.એન.એ.–લેરેકોક–૬૫–કેસ નં.૩૨૩/૦૩–૦૪,તા.૨૦–૦૮–૨૦૦૪ના રોજના બિનખેતી હુકમની ખરીનકલ.
/૭/ મંજુર થયેલ લે–આઉટ પ્લાનની નકલ.
/૮/ ટી.પી. સ્કેચ તથા એફ ફોર્મની નકલ.
/૯/ ઉતરોતર પ્રમોલગેશનથી રેવન્યુ રેકર્ડની ખરીનકલ.

(૫) સબ–રજીસ્ટ્રાર કચેરીમાં ૩૦ વર્ષના સર્ચ કર્યાની પહોંચ નં.૨૦૧૯૦૨૨૦૩૧૩૬૮ તથા ૨૦૧૯૦૨૫૦૨૦૦૮૪ તથા ૨૦૧૯૩૨૫૦૧૦૦૬૯ આ સાથે સામેલ છે.

(૬) <u>**અભિપ્રાય:–**</u>

ઉપરોકત પ્રમાણેના કાગળો દસ્તાવેજોની ફાઈલ જોતા ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના રાજકોટ મહાનગરપાલીકામાં સમાવિષ્ટ ગામ **નાનામવા**ના રેવન્યુ સર્વે નંબર :–**૯૨ પૈકી**,ટી.પી. સ્કીમ નં.**૫(નાનામવા)** ના એફ.પી. નં.**૨૧૭ પૈકી**ની જમીનના રહેણાકના હેતુ માટે બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરી વાળા પ્લોટસ પૈકી પ્લોટ નં.૪૦ થી ૪૪ ના **સબ–પ્લોટ નં.૪૦ થી ૪૪/૧** ની જમીન ચો.મી. આ.૨૩૧–૭૫ ઉપર બાંધવામાં આવેલ **"તીર્થ એવેન્યુ–એ"** માં આવેલ તમામ કુલ ૧૦ ફલેટસ **તીર્થ**

# Manoharsinh K. Jadeja

(Advocate)

Address.:-727,Stat Plaza,Phulchhab Chowk,Rajkot

Mo.98242 28488


બિલ્ડકોનના નામથી ચાલતી ભાગીદારી પેઢીની માલીકી કબજા ભોગવટાના આવેલ છે.આમ સદરહુ મિલકતના માલીકી હકક સ્વચ્છ,કલીયર અને માર્કેટેબલ છે.

રાજકોટ,તા.૦૩/૧૨/૨૦૧૯

MANOHARSINH K. JADEJA (Advocate) RAJKOT

મનોહરસિંહ કે.જાડેજા (એડવોકેટ)

Scanned by CamScanner